ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*ડૂબી જાય ચિંતનમાં અને જ્ઞાન આવે છે,*
*જેલમાં ભલભલાને સાચું ભાન આવે છે,*
*સાન આવે છે સમાજમાં સંપી રહેવાની -*
*સમાધાન સાથે પદ માન-પાન આવે છે..*
*(હાર્દિકને થયું દિવ્ય જ્ઞાન)*

**હાઈકુ**

*તેલ થ્યું સસ્તું!*
*છાંટો હૃદય પર -*
*વધારો વેટ!*

*પોષે પ્રગટી!*
*પ્રમુખ પર હોળી!!*
*ભાજપ તાપે...*

### ચિંતન

**વરમ એકો ગુણી પુત્રો નિર્ગુણૈશ્ચ શતૈરપિ ।**
**એકશ્ચન્દ્રસ્તમો હન્તિ ન ચ તારાઃ સહસ્ત્રશઃ ॥**

'ચાણક્ય નીતિ' શાસ્ત્રનો આ શ્લોક છે :

અવિનયી-અવિવેકી-અસંસ્કારી એવા અનેક પુત્રો હોવા કરતાં - એક જ વિદ્વાન અને સંસ્કારી આજ્ઞાંકિત પુત્ર હોય એ જ ઈચ્છનીય છે. એવો એક પુત્ર મા-પિતાની આંતરડી ઠારે છે.

આ વાત સમજાવવા કવિએ સુંદર પ્રાકૃતિક દૃષ્ટાંત આપતાં કહ્યું છે કે અંધારી રાત્રે અનેક તારાઓ હોવા છતાં કંઈ જ પ્રકાશ આપતા નથી પરંતુ આકાશમાં એક જ પૂર્ણિમાનો ચંદ્ર હોય તો શીતળતા સાથે સૌમ્ય પ્રકાશ પણ રેલાવે છે.

ગુણવાન એક પુત્ર કુળનો તારક બને છે અને દુર્ગુણી અનેક પુત્ર કુળને ભ્રષ્ટ કરી કલંક આપે છે...

### સુવિચાર

- હે પ્રભુ... જેમની પાસે તારા સિવાય બધું જ છે
  એવા જેમની પાસે તારા સિવાય કશું જ નથી એમની હાંસી ઉડાવે છે **- ટાગોર**
- નીમવાથી ઓફિસર થવાતું નથી, નીવડવાથી થવાય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જે આંદોલનથી મહાન હેતુ સિદ્ધ થાય તે ચળવળ,
  અને જે આંદોલનથી નીચા જોવાપણું થાય તે ધાંધલ **- સરદાર પટેલ**
- થયેલા ખરાબ કર્મોની જંજીરથી છૂટા થવા તમે સત્કર્મોની નાની બારી ઉઘાડી રાખજો **- કાંતિ ભટ્ટ**
- હકો મેળવવાની યોગ્યતા એ હકોની માગણી કરતા પહેલાની જરુરી સ્થિતિ છે **- જનકલ્યાણ**
- માણસનું ચારિત્ર્ય એટલે તેની વૃત્તિઓનો સમુહ અને તેના માનસિક વલણનો સરવાળો **- ભૂપત વડોદરિયા**
- **આજનું ઔષધ :** ૫ નંગ બદામ, ૫ ગ્રામ સાકર, ૫ ગ્રામ વરિયાળી ભેગી કરી ચૂરણ બનાવી રોજ રાત્રે દૂધ સાથે દેવાથી આંખોનું તેજ વધે છે **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

પ્રેમ નિઃસ્વાર્થ અને તદ્દન સમર્પિત હોવો જોઈએ. પત્નીના પ્રેમ પાછળ અનેક અપેક્ષાઓના ગંજ માલિકીપણું તો હોય જ છે અને સતત પતિનું સ્મરણ પણ રહેતું હોતું નથી. વચ્ચે વચ્ચે ખૂલી બારીમાંથી જૂની યાદો પણ ડોકિયાં કરી જાય છે...

રવિવારે ભગવાન કૃષ્ણ ચાના ડબ્બલ ડોઝ લઈ, આરામ ખૂરશીમાં 'પૂર્તિ' વાંચતા હતા. આજે ભક્તો-માગણ લોકોની પણ ચિંતા નો'તી...

લાગ જોઈ સુભદ્રાએ પૂછી લીધું. તમને મારા કરતાં પણ 'અર્જૂન' કેમ વધારે પ્રિય છે? ભગવાન છાપું ફેંકી કહ્યું, 'ચાલો મારો નાહવાનો ટાઈમ થઈ ગયો છે. તમારા જવાબ માટે તમે આજે રાત્રે અર્જૂન સૂતો હોય ત્યારે એની પથારી પાસે જજો.'

સુભદ્રા મોડી રાતે અર્જૂનની પથારી પાસે ગયા. ત્યાં જોયું તો એની પથારી પાસે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ-નારદ અનેક દેવોની ભીડ હતી. એને નવાઈ લાગી. નારદને પડખે બોલાવી પૂછ્યું, 'શું છે આ બધું?'

નારદ કહે, 'દેવી અર્જૂન સૂઈ જાય પછી પણ તેના શરીરમાંથી દિવ્ય સંગીતમય 'હરે કૃષ્ણ-હરે કૃષ્ણ' ના સૂર નીકળે છે અમે તો દરરોજ આ દિવ્ય સ્વર સાંભળવા આવીએ છીએ.' દેવી દિવ્ય સંગીત સાંભળ્યા વિના જ મહેલે પધાર્યાં...

## સરહદ પર ફાલી રહેલ દેશદ્રોહ

### તંત્રીસ્થાનેથી....

હિંદીમાં એક રૂઢ પ્રયોગ છે : 'ઘર કા ભેદી લંકા ઢાએ.' આપણી ભાષામાં પણ 'ઘર ફૂટ્યે ઘર જાય' જેવી કહેવત છે. વિભીષણ ન મળ્યો હોત તો રામ જેવા સમર્થ વીર માટે પણ સોનાની લંકાને ધ્વસ્ત કરવાનું અઘરું પડી ગયું હોત. અમીચંદ અને મીરજાફર જેવા દેશદ્રોહીઓ ફૂટી ગયા એટલે સિરાજ-ઉદ્-દૌલા પ્લાસીના યુદ્ધમાં હાર્યો અને દેશમાં ઘૂંટણિયે પડીને રાજાઓ-બાદશાહો પાસે વેપારવણજની પરવાનગી માગનાર ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ હિંદુસ્તાન પર પ્રથમ વિજય હાંસલ કરી સત્તા સ્થાનો પપર પ્રભુત્વ જમાવી બ્રિટીશ રાજના શ્રીગણેશ કર્યા હતા. ઈતિહાસનું એક યા બીજા સ્વરુપે પુનરાવર્તન થતું રહે છે. પઠાણકોટ હુમલા પૂર્વે પણ આતંકવાદી હુમલાઓમાં આવા દેશદ્રોહીઓની સામેલગીરીના છૂટાછવાયા દાખલા જોવા મળ્યા છે. અફઝલ ગુરુ જેવા સુશિક્ષિત પ્રોફેસરે સંસદ પર થયેલ હુમલામાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પછી એને ફાંસી આપવાના મુદ્દે પણ કાગારોળ મચી હતી. રાજીવ ગાંધીના હત્યારાઓમાં એકલા શ્રીલંકન તમિળ ટાઈગર્સ સામેલ નહોતા. એમને તમિલનાડુના કેટલાક દેશદ્રોહીઓનું પૂરું સમર્થન સાંપડ્યું હતું. એ સિવાય વડાપ્રધાન કક્ષાની રાષ્ટ્રીય નેતાને ભરી સભામાં બોમ્બથી ઉડાવી દેવાનું શક્ય જ ન બન્યું હોત. આવી પૂર્વવર્તી કમનસીબ ઘટનાઓમાંથી આપણે કશું શીખ્યા જ ન હોઈએ એમ પઠાણકોટની ઘટનામાં ખુદ ગુરદાસપુરના પોલીસવડાની સામેલગીરી બહાર આવે છે ત્યારે એક રાષ્ટ્ર તરીકે આપણે કેટલી વામણી પ્રજા છીએ એની પ્રતીતિ થયા વિના રહેતી નથી. એસપી સલવિંદરસિંહ અને એમના અંગત મિત્ર પાસેથી ઉચ્ચ કક્ષાની તપાસ એજન્સી એનઆઈએ દ્વારા સઘન પૂછપરછના અંતે કેટલીક સ્ફોટક બાબતો ઓકોવાઈ છે. હજી એસપીનો પોલિગ્રાફ ટેસ્ટ થશે ત્યારે ઘણું વધારે બહાર આવશે. પઠાણકોટ હુમલાના કાવતરામાં ખુદ પંજાબ સરકારનો જ ઉચ્ચ પોલીસ અધિકારી સામેલ હોય તે હકીકત કેટલી શરમજનક છે! એણે હીરાઝવેરાતના બદલામાં ડ્રગ-દાણચોરી ઉપરાંત આવી ભયંકર ઘટના થવા દીધી. એનો સાથી ઝવેરી છે, જે હીરા સાચા છે ખોટા એની પરખ કરી આપતો હતો. આવા કેટલાક સલવિંદર સરહદ પારના ખૂંખાર દુશ્મનો સાથે ભળેલા હશે? સલવિંદરની શંકાસ્પદ હિલચાલ ઉપરાંત એનાં નિવેદનોમાં અનેક વાર આવતા ફેરફારો તથા એના સાથીઓ અને મજારના રખેવાળના નિવેદનો પરથી એ પકડાયા છે. ખુદ વાડ થઈને ચીભડાં ગળવા લાગશે તો સરહદની કાંટાળી વાડ પણ શી રીતે સલામત રહી શકશે? પંજાબમાં ડ્રગ્સનો વેપાર મોટા પાયે ચાલે છે, એમાં ખુદ પોલીસ અને બીએસએફના જવાનો સામેલ હોવાની વારંવાર શંકા સેવાતી રહી છે. પંજાબના નાયબ મુખ્યમંત્રી સુખબીરસિંહ બાદલના સાળા જેઓ સરકારમાં કેબિનેટ મંત્રીપદ ધરાવે છે, એમની સામે પણ આક્ષેપો થતા રહ્યા છે. પંજાબની અકાલીદળ-ભાજપની સરકારમાં જ આવા દેશદ્રોહી તત્ત્વો ઘૂસેલાં હોય ત્યારે કેન્દ્ર સરકારે એની સામે આંખ મિચામણાં કરવાને બદલે દેશદ્રોહીઓને ઉઘાડા પાડી સખત નશ્યત કરવાની જરુર છે. અને આવાં તત્ત્વો કાશ્મીર કે પંજાબમાં જ હોય તે જરુરી નથી, એવાં 'કાળાં ઘેટાં' ગુજરાત સહિત તમામ સરહદી રાજયોમાં હોઈ શકે છે. નરેન્દ્ર મોદી, ઊઠો, જાગો... મોડું થઈ જાય એ પહેલાં કંઈક નક્કર કાર્યવાહી કરી બતાવો!

## સ્વસ્થ સમાજ માટે આવશ્યક શિક્ષણ : તત્કાલિન સમયનો પડકાર



સ્વસ્થ સમાજનું નિર્માણ કરીને તેને ટકાવી રાખવાની સમસ્યાએ દરેક યુગમાં લોકોને મથાવ્યા છે. સમાજ સ્વસ્થ ત્યારે જ કહેવાય કે જયારે સમાજનો સામાન્ય નાગરિક પોતાની જવાબદારી સમજે અને સ્વેચ્છાએ તેનો સ્વીકાર કરતો થાય. પર્લ બકે નવી દુનિયા એટલે નવા માનવી એવી સૂચક વાત કદાચ આજ સંદર્ભમાં કહી હશે. સરેરાશ નાગરિકનું ઘડતર કરવા માટે શિક્ષણનો આશરો લેવાની વાત અનુભવજન્ય સમજથી દઢ થયેલો છે. જયારે શિક્ષણનું મહત્વ એક પાયાના સાધન તરીકે સ્વીકારીએ ત્યારે ફરી આવા શિક્ષણની વ્યાપકતા તથા ગુણવત્તા બાબતના પ્રશ્નો શાસન તથા સમાજ માટે પડકારરૂપ બનેલા છે. આથી જ શિક્ષણને સર્વ સુલભ બનાવવા માટેના પ્રયાસો દેશ આઝાદ થયો તે પહેલાં મહારાજ સયાજીરાવ ગાયકવાડ તથા ભગવતસિંહજી (ગોંડલ) જેવા રાજવીઓએ હેતુપૂર્વક કર્યા તથા તેવા કાર્યો થકી તેઓ ઈતિહાસમાં અમર થયાં. અંગ્રેજી શાસને જોકે તેમની જરૂરિયાત મુજબનો **work force** મેળવવા માટે દેશની એક ચોકકસ શિક્ષણ પ્રથા હતી તેને નબળી પાડવાના પ્રયાસો કર્યા અને મહદ્અંશે તેવા પ્રયાસો સફળ પણ થયા. આમ છતાં તે સમયગાળામાં ફાર્બસ સાહેબ તથા સર થિયોડોર હોપ જેવા કેળવણીકારોએ કેટલાક નકકર પ્રયાસોથી આપણી કેળવણીમાં નવું જોમ સિંચવાનો પ્રયાસ પણ કર્યો. દર્શકદાદા તેમજ નાનાભાઈ ભટ્ટ જેવા ગાંધીના ગોવાળોએ પણ શિક્ષણના આ પડકારરૂપ ક્ષેત્રને મજબૂત તથા સ્થાનિક જરૂરિયાતને અનુરૂપ બનાવવા માટે અનેકવિધ આયામો કર્યા. છેલ્લા સાત દાયકાથી તો શિક્ષણપ્રથાને જીવન ઉપયોગી તેમજ અસરકારક બનાવવાની સ્વતંત્રતા આપણાં જ હાથમાં છે. તેમ છતાં શિક્ષણના આધારભૂત માધ્યમથી સ્વસ્થ સમાજનું નિર્માણ થાય તેવું સર્વસુલભ તેમજ ગુણવત્તાયુકત શિક્ષણ આપણે હજુ પણ પૂરું પાડી શકતા નથી. આવી લાગણી સતત વ્યકત થતી રહે છે. આ બાબત મહદ્અંશે સકારણ પણ જણાય છે. આ વાતનો ઉલ્લેખ ન્યાયમૂર્તિ ચન્દ્રશેખર ધર્માધિકારીજીએ ગુજરાત વિદ્યાપીઠમાં આપેલા એક પ્રવચનમાં પણ વિશદ્ રીતે કરેલો છે. ધર્માધિકારીજી જણાવે છે તેમ પ્રશ્નોના ઉકેલ માટેનું સાધન એ શિક્ષણ છે તે શિક્ષણ સ્વયં એક પ્રશ્ન બનીને આજે સમાજ સામે ઊભું છે. અનેક નિષ્ઠાવાન લોકોના પ્રયાસોના બળથી આ પ્રશ્નનો ઉકેલ આવશે તેવી શ્રધ્ધા રાખવી જો કે અસ્થાને નથી. કેટલાક પુણ્યશ્લોક લોકોએ દેશ સ્વતંત્ર થયો ત્યારબાદ પણ આ દિશામાં કરેલા પ્રયાસો નોંધપાત્ર તેમજ અસરકારક રહેલા છે. આવા પ્રયાસોથી શિક્ષણને એક નોંધપાત્ર દિશા મળી પણ મળી શકી છે. દર્શક નાનાભાઈની જેમ જ શિક્ષણના આ ક્ષેત્રમાં પોતાના ઉજળા યોગદાન થકી કાર્યસિધ્ધિ મેળવનારા અનેક ધન્યનામ લોકો છે. તેઓ જે સ્થિતિ છે તેનો સ્વીકાર કરીને ઘરેડમાં પડયા નથી. તેઓએ સાંપ્રત સ્થિતિ સામે




ફરિયાદ પણ કરી નથી કે નિરાશાના ભાવથી હથિયાર હેઠા મૂકયા નથી. પોતાના વિચારો તેમજ આચરણથી આવા લોકોએ નવા ચિલા પાડ્યા છે. આ સંદર્ભમાં કેટલાક નામોનું ત્વરિત સ્મરણ થાય તેમાં સર્વ શ્રી ડોલરરાય માંકડ, પી.સી. વૈદ્ય, ઉમાશંકર જોષી, ધીરુભાઈ ઠાકર તેમજ પ્રાધ્યાપક તપ્નસિંહજી ગોહિલ(ગુરુજી) જેવા સાક્ષરો છે. તેઓએ શિક્ષણના આ યજ્ઞકાર્યમાં જે ફરજ કે હોદ્દાઓ સંભાળ્યા તેવા સ્થાનોની ગરિમા વધી છે. આથી જ માંકડ સાહેબ કે વૈદ્ય સાહેબ કુલપતિ હતા તેમ કહીએ ત્યારે કુલપતિ પદની ગરિમા વધતી હોય તેવો અનુભવ થયા કરે છે. કપરી અને પડકારૂપ પરિસ્થિતિમાં પણ ગુજરાતના આવા શિક્ષણવિદોએ શિક્ષણનો ધ્વજ ઉજવળ તથા ઉન્નત રીતે લહેરાવ્યો છે. સમાજ તરફથી પણ આવા પ્રયાસોને સમર્થન મળેલું છે. આથી એવી શ્રધ્ધા જરૂર થાય છે કે સમસ્યારૂપ લાગતી શિક્ષણની આ બાબતમાં પણ સાચી દિશાના નકકર પ્રયાસો ગુણાત્મક ફેરફાર લાવી શકે છે. આ માર્ગ કઠિન છે, પડકારરૂપ પણ છે પરંતુ દુસાધ્ય નથી આ વાતની પ્રતિતિ આ બધા કેળવણીકારોના જીવનકાર્યો જોતાં જણાય છે. હાર્યા કે થાકયા સિવાય કદાચ એકલા હોય છતાં અણનમ રહેનારા કેળવણીના આ મહારથીઓએ કવિ વેણીભાઈ પુરોહિતના શબ્દો સાર્થક કર્યા છે.

તારે ઉલ્લંઘવાના મારગ ભુલામણાં
તારે ઉધ્ધારવાના જીવન દયામણાં
હિમ્મત ન હારજે તું કયાંયે

અનુસંધાન પાના નં. ૭ પર

## કંટાળો એક કિલો... ત્રાસ બે કિલો...!!!

ચોખા ૫ કિલો, ઘઉં ૧૦ કિલો
સાકર ૧૦ કિલો, ગોળ ૨ કિલો
દિવસે દિવસે ભાવ ભડકે છે
યાદીમાં થોડી કાપકૂપ કરવી પડશે...
હં, દાળ ૩ કિલો, તુવેરદાળ ૨ કિલો
વીજળીનું બિલ ભરવાનું છે
એસ.આઈ.સી.નો ચેક લખવાનો છે
સાબુના લાટા ૨, જીરું ૧૦૦ ગ્રામ
રાઈ પા કિલો
કેટલાં વરસો સુધી કર્યા કરવાની
એની જ એ જ યાદી
કંટાળો ૧ કિલો, ત્રાસ ૨ કિલો...!

મરાઠી કવયિત્રી, અશ્વિની ધોંગડેની ઉપરોક્ત કવિતા છે. આપણે ત્યાં 'નારી તુ નારાયણી', 'નારી તું ના હારી' જેવા સુવાક્યો દ્વારા તેની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી છે... પરંતુ ખરેખર જોવા જઈએ તો તેમને આપણા 'પુરુષ પ્રધાન' સમાજમાં હજી સુધી જોઈએ તેવું સ્થાન નથી મળ્યું...

સંસારના એકના એક કામથી થાકેલી ગૃહિણી... કંટાળેલી, ત્રાસેલી સ્ત્રી... ભલે ઘરના વ્યક્તિ ગૃહલક્ષ્મી કહીને આદર આપે, પરંતુ તેમને સંસારનો અહોભાવ નથી જોઈતો. તેમને સ્નેહ અને સન્માન, મોકળાશ જોઈએ છે... પરણેલી સ્ત્રી પાસે હોય છે નર્યું ઘરના કામકાજનું વૈતરું... સાંજથી રાત સુધી વળી સવારથી સાંજ નિરાંતની પ્રતિક્ષા કરવાની.




સંસ્કૃત કાવ્યોમાં તેમને રંભાનું સ્થાન અપાયું, અન્નપૂર્ણા બનાવવામાં આવી... પતિના કાર્યમાં રસ લેતી બતાવીને તેને મંત્રીનું સ્થાન પણ આપ્યું... આમ વિવિધ ભૂમિકામાં વિભક્ત કરી... છેવટે નારી સવાર સાંજની સાવરણી થઈ ગઈ. ઘરનો ચૂલો થઈ ગઈ. સંતાનો પેદા કરવાનું જાણે કે સાધન થઈ ગઈ. પુરુષ બધુ સાક્ષી ભાવે જોતો રહ્યો...

જો કે એ હવે ૭૦ કે ૮૦ ના દશકની સામાજિક ફિલ્મોમાં બતાવાતી લલિતા પવાર કે બિન્દુ જેવી સાસુ વાળા ઘર ખૂબ ઓછા રહ્યા છે... નણંદના કે બીજા કોઈના ટોણા મહેણા સાંભળીને તરત બાથરુમમાં જઈને નળ ચાલુ કરી દઈને છાનામાના રડી લઈને પાછા ફ્રેશ થઈને કામે લાગી જવું પડે તેવી વણસેલી પરિસ્થિતિઓમાં સુધારો તો ચોક્કસ આવ્યો છે...

આજની નારીમાં એક બહુ મોટો ફરક છે. મોટાભાગની સ્ત્રીઓ ઘર પણ સંભાળે છે અને ઓફિસમાં જવાબદારી પણ. પરંતુ આમા બંને રીતે રહેંસાય છે. તે અપ-ડાઉન કરે છે... બસમાં અટવાય છે... રોજ ને રોજ તેણે કાંઈક વિશેષ કરવાનું હોય છે... લીંબુ આથવાના, ઘઉં તડકે મૂકવાના, નાસ્તા કરવાના, રજાના દિવસે એક્સ્ટ્રા કામ કરવાના...

બે-ત્રણ વર્ષ પહેલા શ્રીદેવીની કલાસિક ફિલ્મ 'English-Winglish' આવી હતી... તેમાં પણ એક 'House-Wife' ની વ્યથા આબેહૂબ દર્શાવવામાં આવી હતી... પતિ અને બાળકો દ્વારા સન્માન ન મળવાના કારણે અંદરને અંદર સોસવાતી ગૃહિણીની વેદના અકથ્ય છે.

You Tube પર ૨૦-૨૫ મિનિટની ત્રણ શોર્ટ ફિલ્મ ટાઈપ ટેલિફિલ્મ 'યશરાજ બેનર' હેઠળ રિલીઝ થઈ છે... (આ એક નવો ટ્રેન્ડ છે...You Tube પર જ રિલીઝ કરવાનો) તેનું નામ છે મેન્સ વર્લ્ડ (MEN'S World) એક પુરુષ એવું માને છે કે સ્ત્રીઓ પ્રત્યે આ દુનિયા વધુ પડતું કૂણું વલણ ધરાવે છે, અને જેથી કરીને પુરુષોને વધુ સહન કરવું પડે છે... One Fine Morning એ ભગવાનને પ્રાર્થના કરે છે કે તું એક વાર અમારા કામકાજ ઈન્ટચેન્જ કરી નાખ અમે પુરુષો સ્ત્રીઓનું કાર્ય કરીશું... તું જરા જસ્ટીફાય કર પ્રભુ!' અને ઈશ્વર તેનું કહ્યું માની લે છે... ફિલ્મ ભરપૂર કાલ્પનિક છે... પરંતુ Eye Opener છે...

નારી સ્ત્રી ગૃહિણી અર્ધાંગિની આવા ભારી ભરખમ શબ્દોની જગ્યાએ તેની સાર્થકતાની જરુર છે...

રખે ને માનતા કે હું કોઈ ફેમિનીસ્ટ વાતો કરું છું... વાસ્તવિકતા છે... અને સાથે-સાથે એ પણ સત્ય છે કે, એક સ્ત્રી જ બીજી સ્ત્રીને સમજી શકી નથી... ત્યાં પુરુષોની તો વાત જ કયાં કરવી...!

પત્નીએ રહેવાનું
પત્નીની જેમ
બ્રેક ડ્રાઈવરના હાથમાં મૂકીને
ચૂપચાપ દોડતાં રહેવાનું સ્કૂટરની જેમ...

પત્ની, વહુ, બહેન, દેરાણી, જેઠાણી, સાસુ, વેવાણ આ બધા જે સંબંધો છે, તે સંબંધોના મહોરા પહેરી લીધા પછી કોણ જાણે કેમ સ્ત્રી-સ્ત્રી રહેતી નથી...

'પુરુષ પ્રધાન' સમાજમાં સ્ત્રીઓ પોતાનું સ્થાન કદાચ મેળવી પણ શકે છે... પરંતુ બેક સ્ટેજ બીજા સ્ત્રી પાત્રોની અદેખાઈ જ તેમને પાછા ઠેલે છે...

આજકાલ એક ફેશન છે! કોઈ પ્રસંગે મળ્યા, તો જયારે પ્રશ્ન પૂછાય કે - 'શું કરો છો?' ત્યારે પ્રશ્નનો ઉત્તર આપનાર સ્ત્રી હોય તો... ગૃહિણી છું... એમ જવાબ આપતા થોડી શરમાય છે...

આ આખાય તંત્રમાં દૃષ્ટિકોણ બદલવાની જરુર જેટલી પુરુષોએ છે, તેટલી જ સ્ત્રીઓએ પણ છે... હાં! એ વાત ૧૦૦% સાચી કે પહેલ પુરુષો દ્વારા જ થવી જરુરી છે... અકથ્ય મૂંઝવણ, ગૂંગળામણ અને વ્યથા ઘરની સ્ત્રીઓના ચહેરા પરથી વાંચવાની જવાબદારી ઘરના પ્રત્યેક પુરુષની છે... પિતા, પતિ અને પુત્ર ત્રણેયની છે.

એક ઉંમરના પડાવ પછી પુરુષ જયારે નિવૃત્તિ પછી ઘરે હોય છે, ત્યારે પત્ની ઈચ્છે છે કે હવે તો કમ કે કમ તેનો ભરથાર ઢળતી ઉંમરે હાથ પકડીને પૂછે કે તબિયત કેમ છે! સાંજે બંને સાથે લટાર મારવા નીકળી પડે... અત્યાર સુધી પરિવાર-બાળકો ઉછેરવા વગેરેમાં સમય મળતો નથી અથવા કમાવવા જવું ઓફિસ જવું માં સમય મળતો નથી... જેવા બહાના ચાલ્યા ગયા હોય છે... ત્યારે સાઠ પછીની ઉંમરે એટલીસ્ટ દાંપત્યજીવનની ખરી ઉત્તરાર્ધ કસોટી શરુ થાય છે.

આવા સમયે એક માતાના મૂંઝારાને, પત્નીના અબોલ શૂન્યવકાશને સમજીને એક પુત્ર અને એક પતિએ તેમને બંનેને આમાથી બહાર લાવવાના હોય છે...

કસોટી અઘરી છે... વગર કહ્યે ડૂસકા ખાતી લાગણીઓને ઓળખીને તેને ન્યાય આપવાનું કાર્ય જયારે પુરુષો દ્વારા થવા લાગશે ત્યારે... 'પુરુષ પ્રધાન' અને 'સ્ત્રી-પ્રધાન' નો ફરક નહીં રહે...

- jayuoza@gmail.com

## પ્રત્યેક માણસે રોજિંદા જીવનની ઘટમાળથી, નિરાશાથી અને નિષ્ક્રિયતાથી બચવા સતત પરિવર્તનને સ્વીકારવું પડે છે, નવું શીખતા રહેવું પડે છે

'આજે રોટલા તે નથી બનાવ્યા...'

'કેમ ખરાબ થયા છે?'

'ના રે ના, રોજ તું બનાવે છે એના કરતા સારા રોટલા બન્યા છે એટલે પુછું છું.'

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા એક ફલેટના ઘરમાં શિયાળાની ઠંડી રાત્રે ભોજન સમયે પતિ-પત્ની વચ્ચે સંવાદ થયો.

વાતના મૂળ સુધી પહોંચવા સાંપ્રત પરિસ્થિતિની વાત કરવી જરુરી છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી અને આસપાસના નગરોમાંથી અમદાવાદ-સુરત-વડોદરા જેવા મહાનગરોમાં આવીને વસનારા લોકોની સંખ્યા સતત વધતી રહી છે. વ્યક્તિગત વિકાસ, વધુ સારું જીવનધોરણ, બાળકોનો અભ્યાસ અને કારકિર્દી જેવા અનેક કારણોસર મહાનગરોમાં લોકો રહેતા થયા છે. આવા લોકોના મૂળ એમના વતનમાં હોય છે પણ પાંચ-સાત વર્ષ મહાનગરમાં રહ્યા બાદ એમની સ્ટાઈલ-શોખ-જીવનધોરણ આ બધ્ધું જ મહાનગરોને અનુરુપ થતું ચાલ્યું છે. સતત દોડધામ ભર્યું જીવન, સતત વધતો જતો કામનો બોજ, ઊભી થતી ટેન્શનની પરિસ્થિતિ અને પરિણામે થતી સ્વાસ્થ્ય પરની અસરો... આ બધ્ધું જ હોવા છતાં રોજે રોજ હજ્જારો માણસો મહાનગરોમાં સ્થાયી થવા આવે છે, આવે છે ત્યારે સફળતાના, સુખ-સમૃદ્ધિના અને આનંદના માર્ગે જવા માટેનો પુરુષાર્થ કરે છે, સપના જુએ છે અને એ બધામાં કયાંકને કયાંક એના વતનની આદતો-સંપર્કો-વાતાવરણ-ભોજન-પરંપરા-લોકજીવન વગેરે વગેરેથી જાણે-અજાણે વિમુખ થતો જાય છે. મહાનગરોમાં ફાઈવ સ્ટાર અને સેવન સ્ટાર હોટેલો નિહાળીને એને વૈશ્વિક ફુડ ઝોનના નામ આવજી જાય છે પરંતુ એના ભોજન આરોગવા સુધીની આર્થિક ક્ષમતા એમની પાસે ભેગી થતી નથી. પરિણામે વતનના ભોજનનો મીઠો સ્વાદ છુટી રહ્યો છે અને એનો વસવસો પણ એને છે.




પરિવારની મહિલાઓ પણ ઘરમાં બે છેડા આર્થિક રીતે ભેગા કરવા જોબ કરતી થઈ છે. ઘરે બેસીને કોઈ ને કોઈ ગૃહ વ્યવસાય કરતી થઈ છે. પરિણામે ઘરની ભોજન પદ્ધતિમાં - સમયમાં - બદલાવ આવ્યો છે. એવા જ એક પરિવારમાં બનેલી આ ઘટના હતી.

પતિ-પત્ની અને બે બાળકો અમદાવાદમાં રહેતા હતા. બંને નોકરી કરતા હતા અને બાળકો ભણતા હતા. ઘરમાં કચરા-પોતા-વાસણ જેવા કામો કરવા અને બાળકો સ્કૂલેથી આવે ત્યારે તેમની સંભાળ રાખવા હંસાબહેન નામના એક આધેડ વયના બહેનને રાખ્યા હતા. સાલસ સ્વભાવ, મહેનતુ અને લાગણીશીલ વ્યક્તિત્વના કારણે એકાદ વર્ષમાં એમણે ઘર માલિકોનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. એમનું કામ અને પરિશ્રમ જોઈને ઘર માલિકો એમને આર્થિક રીતે પણ સાચવતા હતા અને એમને લાગણીથી પણ માન-સન્માન આપતા હતા.

એ દિવસે થયું એવું કે ઘર માલિક પત્નીએ ઊંધિયું અને રોટલા ભોજનમાં બનાવ્યા હતા. સામાન્ય રીતે ગામડા ગામમાં બહેનો બે હાથે રોટલો ઘડે એમ નહિ પાટલી પર થાબડીને એ રોટલો બનાવતી હતી. ઘરમાં કામ કરી રહેલા હંસાબહેને આ જોયું, એમણે સહજ પુછ્યું 'ભાભી કેમ આમ ઘડો છો રોટલા?' 'મને બે હાથે ઘડીને બનાવતા નથી આવડતા' જવાબ મળ્યો. હંસાબહેને કહ્યું 'તમે મુકી ધ્યો આ કામ પતાવી હું રોટલા બનાવી દઉં.' હંસાબહેને થોડી જ વારમાં ઓરીજીનલ ગામડાની દેશી સ્ટાઈલથી બે હાથે રોટલા ઘડી દીધા... આ જોઈને યજમાન બહેને કહ્યું, 'તમને ગામડાના માણસોને આવડે અમને ના આવડે' જવાબમાં હંસાબહેને કહ્યું, 'ભાભી, એવું નથી. ગામડા કે શહેરનો પ્રશ્ન નથી. શીખવાની ધગશ જોઈએ.' ભાભીએ કહ્યું, 'તમને તમારા મમ્મીએ શીખવ્યું હશે... હંસાબહેને જવાબ આપ્યો.' મારા બાળપણમાં મારી મા ગુજરી ગઈ હતી, મારા બાપે અમને મા-બાપનો પ્રેમ પણ આપ્યો અને સારી રીતભાત તથા રસોઈ અને આવડતો પણ શીખવી છે. આ રોટલા ઘડતા પણ મારા બાપે જ શીખવ્યું હતું.' હંસાબહેનની આંખોમાં એના માતા અવસાન પામ્યાની વેદના કરતાં બાપે શીખવાડ્યું તેનું ગૌરવ વધુ ઝલકતું હતું. ને છેલ્લે છેલ્લે એમણે ઉમેર્યું, 'ભાભી, એકવાર તમે શીખવાનું નક્કી કરો ને પછી કોઈ કામ અઘરું નથી હોતું...'



શહેરી સમાજના-ઉચ્ચ મધ્યમવર્ગ એક બહેનને ગ્રામ્ય વિસ્તારની એક શ્રમિક મહિલાએ સહજપણે જે વાત કરી અને સંદેશો આપ્યો એ સાચ્ચે જ જીવન ઘડતરમાં પોષક અને ઉપયોગી બની રહે છે.

બાળપણથી, સમજણ વિકસતી જાય ત્યારથી આપણો અનુભવ છે કે રોજ નવું નવું શીખવાનું આવે છે. સતત શીખતા રહેવું એ પ્રકૃતિનો અને માનવનો નિયમ છે. પરંતુ ઉંમર વધવા સાથે અને એક ધારું - નિરસ જીવન થતાં માણસમાંથી નવું શિખવાની વૃત્તિ ઘણીવાર ઓછી થતી જાય છે. સમય નથી, થાકી જવાય છ જેવા અનેક કારણોસર નવું શીખવાનો ઉત્સાહ ઓસરતો જાય છે. આવા સમયે હંસાબહેન જેવા કોઈ સામાન્ય વ્યક્તિ પણ ચેતનાની ચિનગારી પ્રગટાવી જાય છે.

પ્રત્યેક માણસે રોજિંદા જીવનની ઘટમાળથી, નિરાશાથી અને નિષ્ક્રિયતાથી બચવા સતત પરિવર્તનને સ્વીકારવું પડે છે. નવું શીખતા રહેવું પડે છે. નવું સાહિત્ય સર્જન હોય કે રસોઈ કળા શીખવાની વાત હોય, ઉત્સાહ-ધગશ અને આનંદ હોય તો વ્યક્તિ કોઈ પણ નવી વાત શીકી જ શકે છે. અચંબો-આશ્ચર્ય કે અચરજનું આંજણ આંખમાં આંજીને દુનિયાને જોઈએ તો સતત કાંઈક ને કાંઈક નાવિન્યપૂર્ણ વાત શીખવા મળે જ છે. આળસને ખંખેરીને, દિવાસ્વપ્નો છોડીને, વાસ્તવિકતા સ્વીકારીને તદ્દનુસાર રોજિંદા જીવનમાં આસપાસમાંથી કાંઈક શીખવા માટેની આપણી તૈયારી હોય તો શીખી જ શકાય છે અને તેનાથી આપણી આસપાસ અજવાળા રેલાય છે.

**તેજપુંજ :**
**નવીનતાને ન ઠુકરાવો**
**નવીનતા પ્રાણપોષક છે...**